ચાલુ નોકરી દરમયાન અવસાન પામતા સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નોકરી આપવા બાબત-એડહોક નિમણૂક.

ગુજરાત સરકાર.
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક
તારીખ : ૧૫-૬-૨૦૦૪

## વંચાણે લીધા :-

(૧) સા.વ.વિ.નો તા. ૧૩-૧૦-૧૯૭૫નો અ.સ.પત્ર ક્રમાંક ભરત-૧૧૭૩-યુઓ-૧૩૬૯-ક.

(૨) સા.વ.વિ.નો તા. ૧૦-૩-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક ભરત-૨૧૯૭-ક.

(૩) સા.વ.વિ.નો તા. ૭-૯-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક ભરત-૧૨૦૧-૯૧૦-(૨)-ક.

## આમુખ

ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતાં સરકારી કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂક આપવાની યોજના અન્વયે એવી જોગવાઇ છે કે, આવી નિમણૂકો નિયમિત ખાલી જગ્યાઓ ઉપર જ નિયમિત ધોરણે કરવાની રહેશે અને એડહોક કે કોન્ટ્રાક્ટ ધોરણે રહેમરાહે નિમણૂકો કરી શકાશે નહીં. આ જોગવાઇમાં ફેરફાર કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારશ્રીએ રહેમરાહે નિમણૂકો આપવાની યોજનામાં નીચે જણાવેલ સૂચનાઓને અનુસરીને નિમણૂકો આપવાનું ઠરાવેલ છે.

(૧) રહેમરાહે નિમણૂક માટે પાત્રતા ધરાવતાં ઉમેદવારોને પ્રથમ તબક્કે પાંચ વર્ષ માટે ફીકસ પગારમાં ખાલી જગા ઉપર એડહોક નિમણૂક આપવાની રહેશે.

(૨) એડહોક નિમણૂક માટે પાત્ર ઠરેલાં વર્ગ-૩ ના ઉમેદવારોને જ્યાં પૂર્વસેવા તાલીમની જોગવાઇ હોય ત્યાં પ્રથમ પૂર્વ સેવા તાલીમમાં મોકલવાના રહેશે.

(૩) સંબંધિત વિભાગ/કચેરી દ્વારા ઉમેદવારને એડહોક નિમણૂકની જાણ કરતો પત્ર પાઠવવામાં આવે તેની નકલ પૂર્વ સેવા તાલીમ કેન્દ્ર સંચાલકશ્રીને મોકલવાની રહેશે.

( પાછળ )

(૪) એડહોક ધોરણે નિમણૂક પામેલા વર્ગ-૩ ની જગ્યા પરના ઉમેદવારને રૂા.૨૫૦૦/- અને વર્ગ-૪ ની જગ્યા પરના ઉમેદવારને રૂા.૧૫૦૦/- ફીકસ પગાર પ્રતિ માસ આપવામાં આવશે.

(૫) પાંચ વર્ષ બાદ તેમની સેવાઓ સંતોષકારક જણાય અને નિયમિત નિમણૂક માટે જરૂરી પાત્રતા ધરાવતા હોય તો એડહોક ધોરણે નિમણૂક પામેલા ઉમેદવારને વર્ગ-૩ ની સૌથી નિમ્ન કક્ષાની અને વર્ગ-૪ની સંબંધિત જગ્યાના નિયમિત પગારધોરણમાં ઉપલબ્ધ જગ્યા સામે ક્રમાનુસાર સમાવવાના રહેશે.

(૬) પૂર્વ સેવા તાલીમ કેન્દ્ર દ્વારા વર્ગ-૩ માં રહેમરાહે નિમણૂક માટે પાત્ર એડહોક ઉમેદવારો માટે તાત્કાલિક તાલીમ વર્ગનું આયોજન કરવાનું રહેશે અને ઉમેદવારોને તાલીમમાં મોકલવા માટે એડહોક નિમણૂકનો હુકમ આપવા માટે સંબંધિત વિભાગ/કચેરીને જાણ કરવાની રહેશે. વધુમાં તાલીમ સંસ્થાએ ઉમેદવાર પૂર્વ સેવા તાલીમ માટે હાજર થાય તે તારીખની જાણ પૂર્વ સેવા તાલીમ કેન્દ્ર તરફથી ઉમેદવારના સંબંધિત વિભાગ/કચેરીને કરવાની રહેશે. ઉમેદવારની એડહોક નિમણૂક પૂર્વ સેવા તાલીમ કેન્દ્રમાં ઉમેદવાર તાલીમ માટે હાજર થાય તે તારીખથી ગણવાની રહેશે.

(૭) વર્ગ - ૩ ની જગ્યા ઉપર એડહોક નિમણૂક મેળવેલ ઉમેદવારે પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયમોનુસાર મળવાપાત્ર નિયત તકોમાં પાસ કરવાની રહેશે. જે પાસ કર્યા બાદ તેમજ એડહોક નિમણુંકનો સમયગાળો પૂરો થયા બાદ તેમને નિયમિત નિમણૂક માટે પાત્ર ગણવામાં આવશે.

(૮) પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયમાનુસાર તકોમાં પાસ નહિ કરી શકનાર ઉમેદવારની એડહોક નિમણૂકનો અંત થયેલ ગણવાનું રહેશે. પરીક્ષામાં નહિ બેસનાર ઉમેદવારની તક ગણી લેવાની રહેશે.

(૯) રાજય સરકારમાં જગ્યાઓ ભરવા માટે જે તે સમયે પ્રવર્તમાન સામાન્ય નીતિ, એડહોક/નિયમિત નિમણૂક આપતી વખતે લાગુ પડશે.

(૧૦) સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પસાર કર્યા બાદ તેમજ એડહોક નિમણૂકની સમાપ્તી બાદ અપાયેલી નિયમિત નિમણૂકની તારીખ પ્રવરતા સહિતના તમામ હેતુઓ માટે ગણવાની રહેશે.

(૧૧) રહેમરાહે નિમણૂકના પડતર કેસો કે જેમાં નિમણૂક આપવાની બાકી છે તે બધા જ કેસોમાં આ સૂચનાઓ લાગુ પાડવાની રહેશે.

(૧૨) રહેમરાહે નિમણૂકની પ્રવર્તમાન યોજનાની લાગુ પડતી સંબંધિત જોગવાઇઓમાં ઉપરોકત સુધારા દાખલ થતાં હાલની જોગવાઇઓ તેટલે અંશે સુધારેલી ગણવાની રહેશે.

(૧૩) આ સૂચનાઓ રાજય સેવાના કર્મચારીઓ/પંચાયત સેવાના કર્મચારીઓ તથા રહેમરાહે નિમણૂકની રાજય સરકારની યોજનાનો અમલ કરતા હોય તેવા રાજય સરકારના બોર્ડ/કોર્પોરેશન તેમજ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારીઓને સમાન રીતે લાગુ પાડવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે. જયોર્જ જોસેફ)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

-માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી.
-માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-તમામ મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
-સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
-એડિશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-પે એન્ડ એકાઉન્ટન્ટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-રેસીડેન્ટ ઓડિટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-નિયામકશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ ભવન, અમદાવાદ-૧૫.
-સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
-સિલેકટ ફાઇલ, ક શાખા.
-પ્રમુખશ્રી, ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિયેશન, ગાંધીનગર.
-પ્રમુખશ્રી, ગુજરાત રાજય કર્મચારી મહામંડળ, ગાંધીનગર.